**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,**

**કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

---

## (રજીસ્ટર થયેલી સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત અન્વયે સુચનાઓ)

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૧૦૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/જી.૧ તેમજ સરકારશ્રીના સબંધિત સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની રજીસ્ટર્ડ સરકારી માધ્યમિક શાળાઓમાં અંદાજે કુલ- ૧૨૩૯ શિક્ષણ સહાયક પસંદગી અંગેની જાહેરાત વર્ષ-૨૦૧૯ અન્વયે મેરીટના ધોરણે ભરવા પાત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૨૧/૧૧/૨૦૧૯ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી તા. ૩૦/૧૧/૨૦૧૯ ના રોજ સાંજે ૧૮.૦૦ કલાક સુધી https://www.gserc.in/ વેબસાઈટ પર મૂકવામાં આવેલ સૂચના મુજબ ઓનલાઈન અરજી કરવાની રહેશે.
અરજી કરતા પૂર્વે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

1) <u>શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયિક લાયકાત:-</u>

- **સરકારી** માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ-૨૦૧૮માં વિવિધ વિષયો/માધ્યમની TAT પરીક્ષા લેવામાં આવેલ છે. તે પૈકી જે ઉમેદવારે જે વિષય અને માધ્યમની પરીક્ષા પાસ કરેલ હોય તે જ વિષય અને માધ્યમ માટે ઉમેદવારી નોંધાવી શકશે.

- રજીસ્ટર્ડ સરકારી માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયકની નિમણુંક માટેની ન્યુનત્તમ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૧૦૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/જી.૧થી નિયત થયા મુજબની હોવી જોઇશે.

- શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામાની જોગવાઈઓ મુજબ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવાર મહત્તમ ૩૭ વર્ષની વયમર્યાદા ધરાવતો હોવો જોઈએ.

- શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૧૦૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/જી.૧ તથા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી હોવી જોઇશે. તેમજ આ અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ તથા તા. ૧૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ જોગવાઈઓ મુજબ રહેશે.

- ઉમેદવાર એક કરતા વધુ પ્રયત્ને સ્નાતક/અનુસ્નાતક તેમજ વ્યવસાયિક લાયકાત મેળવેલ હોય, તેવા કિસ્સાઓમાં સ્થાયી ઠરાવો/પરીપત્રોની જોગવાઈઓ મુજબ નિયમોનુસાર મેરીટની ગણતરી કરવામાં આવશે.

- ભરતી સંબંધિત તમામ ઠરાવો https://www.gserc.in/ વેબસાઈટના હોમ પેજ પર Government Resolution ના ઓપ્સન્સ માં જઈ મેળવી લેવા.

Scanned by CamScanner

A. જો આપની લાયકાતના ગુણપત્રકમાં કુલ અને મેળવેલ ગુણ આપેલા હોય તેમજ CGPA/CPI/GRADE વગેરે પણ આપેલ હોય તેવા કિસ્સામાં એપ્લિકેશન ફોર્મમાં ગુણપત્રકમાદર્શાવ્યા મુજબ કુલ ગુણઅને મેળવેલ ગુણ જ દર્શાવવા.

B. જો આપની માર્કશીટમાં ફક્ત CGPA/SGPA/CPI વગેરે જ આપેલા હોય ત્યારે ફોર્મ્યુલાની મદદથી CGPA/SGPA/CPIટકામાં રૂપાંતર કરવા અને તે મુજબ કુલ ગુણ અને મેળવેલ ગુણ લખવા.

દા.ત. જો ફોર્મ્યુલા પ્રમાણે ૬૬.00% આવે તો

કુલ ગુણ ૧૦૦ અને મેળવેલ ગુણ ૬૬

અથવા

કુલ ગુણ ૧૦૦૦ અને મેળવેલ ગુણ ૬૬૦ તે મુજબ માર્ક્સ ગણવા.

➢ અત્રે ઉપલબ્ધ વિવિધ યુનિવર્સિટીના ફોર્મ્યુલા આ સાથે આપના માર્ગદર્શન અર્થે મુકેલ છે. પરંતુ ગુણાંકન અંગે યુનિવર્સિટીનું પ્રમાણપત્ર જ અધિકૃત ગણાશે.

C. જો ઉપર A અને Bમુજબ ન થઈ શકતું હોય તેવા કિસ્સામાં આપની કોલેજ અથવા યુનિવર્સિટી પાસેથી દરેક લાયકાત માટે કુલ ગુણ અને મેળવેલ ગુણનું પ્રમાણપત્ર મેળવી તે મુજબના ગુણ લખવા

ખાસ નોંધ : ડોક્યુમેન્ટ વેરિફેકેશન વખતે ગુણાંકન બાબતે જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો જે-તે યુનિવર્સિટી પાસેથી મળેલ માહિતીને આધારે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

➢ શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૧૦૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/જી.૧ ની જોગવાઈઓ અનુસાર પસંદગી યાદી ઉમેદવારના લાયકાતના પ્રમાણપત્ર મુજબ મેળવેલ ગુણના 30% ભારાંક અને શિક્ષક અભિરૂચિ કસોટી **(TAT)** માં મેળવેલ ગુણના ૭૦% ભારાંકના આધારે તૈયાર કરવામાં આવશે.

➢ જો પસંદગી સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ કામચલાઉ ગુણવત્તાયાદી-૧માં જો ઉમેદવારો સમાવેશ થશે તો તેવા ઉમેદવારો ગુણપત્રકો/પ્રમાણપત્રની ચકાસણી કયા જીલ્લામાં કરાવવા ઇચ્છે તેના વિકલ્પ ઓનલાઈન ફોર્મમાં ફરજીયાત દર્શાવવાનો રહેશે અને જે ઉમેદવારોનો ગુણવત્તા યાદી-૧માં સમાવેશ થશે તેઓને તે અંગેની જાણ એસ.એમ.એસ.થી કરવામાં આવશે ત્યાર બાદ તેઓએ ડોક્યુમેન્ટ વેરીફીકેશનનો લેટર ઓનલાઈન મેળવી, પસંદગી સમિતિ દ્વારા નિશ્ચિત કરવામાં આવેલ સમયગાળામાં ઉમેદવારોએ આ સ્થળે ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજીયાત કરાવવાનું રહેશે.(ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે અરજી સાથે જોડવાના આધારોની સૂચિત યાદી https://www.gserc.in/વેબસાઈટ પર છે.) ડોક્યુમેન્ટ વેરીફીકેશન ન કરાવનાર ઉમેદવારોની ઉમેદવારી આપોઆપ રદ થશે. અને ગુણવત્તા યાદીમાંથી તેવા ઉમેદવારનું નામ કમી કરવામાં આવશે.

➢ જીલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટરની યાદી વેબસાઈટ પર મુકેલ છે.

➢ ડોક્યુમેન્ટ વેરીફીકેશન બાદ કામ-ચલાઉગુણવત્તા યાદી-૨ પ્રસિદ્ધ કરવામાં આવશે, ત્યારબાદ આ ગુણવત્તા યાદી સબંધે માત્ર અને માત્ર મેરીટ અંગેની વાંધા અરજીઓ જે તે ઉમેદવારે ઓનલાઈન કરવાની રહેશે.

➢ વાંધા અરજીઓ મેળવ્યા બાદ ઉપલબ્ધ જગ્યાઓ મુજબ વિષયવાર/કેટેગરીવાર ફાઈનલ મેરીટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

Scanned by CamScanner

- હાલ સરકારી અથવા બિન સરકારી અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સેવા બજાવતા હોય તેવા શિક્ષણ સહાયકો આ ભરતીમાં અરજી કરવા માંગતા હોય તો તેવા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ-૬/ક, તા.૨૨/૩/૧૭ની જોગવાઈ મુજબ નિમણુક સત્તાધિકારીનું એન.ઓ.સી. મેળવ્યા બાદ અરજી કરવાની રહેશે. જીલ્લા/શાળા પસંદગી માટે ઉપસ્થિત રહેનાર ૩ વર્ષથી ઓછી નોકરી વાળા માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતા ઉમેદવારે રાજીનામુ મંજુર કર્યાનો હુકમ તથા બોન્ડની રકમ ભર્યાની ચલણની નકલ રજુ કરવાની રહેશે. તે સિવાય અરજી રદ થવાને પાત્ર રહેશે. એનઓસી મેળવ્યા સિવાય અરજી કર્યાની બાબત સમિતિના ધ્યાન પર આવશે તો અરજી/જીલ્લા પસંદગી/શાળા પસંદગી/નિમણૂંક રદ થવાને પાત્ર ઠરશે.

2) <u>પગાર ધોરણ:-</u>

- સરકારી માધ્યમિક વિભાગના શિક્ષણ સહાયકને પ્રથમ પાંચ વર્ષ સુધી ફીકસ <u>રૂ.૩૧,૩૪૦/-</u> માસિક વેતન મળવાપાત્ર થશે. પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયા બાદ સરકારશ્રીએ ઠરાવેલ પગાર ધોરણ મળવાપાત્ર થશે.

3) <u>ભરવાપાત્ર જગ્યાઓ:-</u>

- જે તે જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓમાં જિલ્લાવાર, વિષયવાર અને કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓની વિગતો વેબસાઈટ પર દર્શાવવામાં આવેલ છે.
- પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજીત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી/ આકસ્મિક કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યાઓ પર ઉમેદવારનો કોઈ હક દાવો રહેશે નહીં. પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા પર જ પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ ગુણવત્તાક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે, જેની નોંધ લેવી.
- સદર જાહેરાત કે જાહેરાતમાં દર્શાવેલ પૈકી કોઈપણ જગ્યા રદ કરવા અંગેનો સમિતિનો નિર્ણય આખરી રહેશે.

4) <u>વયમર્યાદામાં છુટછાટ:-</u>

- મુળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૦૫(પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરીના ઉમેદવારોને નિયત થયેલ વયમર્યાદામાં ૦૫ (પાંચ) વર્ષની છૂટછાટ રહેશે.
- વિકલાંગ ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરીપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલ સુપ્રિટેન્ડેન્ટ/સીવીલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦(દસ) વર્ષની છુટછાટ મળશે.
- સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવથી જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ૦૫(પાંચ) વર્ષની ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.
- માજી સૈનિક ઉમેદવારોએ જેઓએ જળ, વાયુ અને ભૂમિ આમર્ડફોર્સીસમાં ઓછામાં ઓછા ૦૬(છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ધરાવતા હોય તો

Scanned by CamScanner

મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૦૩(ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.

➢ સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧/૧૧/૯૫, તા.૦૬/૦૨/૧૯૯૬ તથા અન્ય સંબંધિત ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક/ પરિશિષ્ટ- ૪ ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. જેઓએ ANNEXURE-A અંગ્રેજીમાં રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

જાહેરાતની છેલ્લી તારીખે નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટની અવધિ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૧૬ના ઠરાવથી નિયત થયા મુજબ ત્રણ વર્ષની જળવાતી હોવી જોઇએ.

આર્થિક રીતે પછાત વર્ગના વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહી હોય તો જ મળવાપાત્ર થશે અને તે અંગે રાજ્ય સરકારે નિયત કરેલ નમૂનામાં સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

પરીણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

જો ઉમેદવારોએ આ પ્રમાણપત્ર રજુ કરેલ નહી હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિન અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહી.

5) **અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સુચનાઓ:-**

1. અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાત અંગેના ગુણપત્રકો/પ્રમાણપત્રો/અનામત કેટેગરી અંગે ના લાભ અંગે સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્ર ચકાસણીના દરેક તબક્કે રજુ કરવાના રહેશે.

2. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. તમોએ ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં પાછળથી કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહી કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહી.

3. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહી.જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

4. આ અંગેનું ઓનલાઇન અરજીપત્રક વેબસાઇટ https://www.gserc.in/ઉપર ઓનલાઇન ભરવાનું રહેશે.

5. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી સંપર્ણ કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરનારની રહેશે.

6. બિન અનામત ઉમેદવાર માટે અરજી ફી રૂ.૧૦૦.00 (અંકે રૂપિયા સો પુરા) અને અનામત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂ.૫૦.00 (અંકે રૂપિયા પચાસ પુરા) ઉમેદવારે ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહી.

Scanned by CamScanner

ફોર્મ ભરનાર ઉમેદવાર દ્વારા ભરવાપાત્ર નિયત અરજી ફી ઓનલાઇન ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ, નેટ બેન્કીંગ તેમજ ઓફલાઇન ભરી શકાશે. ઓફલાઇન ફી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની કોઇ પણ શાખામાં ભરી શકાશે. **ઓનલાઇન/ઓફલાઇન ફી ભર્યા બાદ અરજીમાં કોઇ ફેરફાર થઇ શકશે નહી જેની ખાસ નોંધ લેવી.**

7. ઓફ લાઇન પેમેન્ટ કરનાર ઉમેદવારને એપ્લિકેશન ફી ઉપરાંત બેન્ક ફી રૂ. ૬૦/- વધારાનો ચાર્જ ચુકવવો પડશે.ડેબિટ કાર્ડથી ઓનલાઇન પેમેન્ટ કરનાર ઉમેદવારને કોઇ પણ પ્રકારનો વધારાનો ચાર્જ ચુકવાનો રહેશે નહીં.જેથી ઉમેદવારોએ ડેબિટ કાર્ડથી ઓનલાઇન પેમેન્ટ કરવુ વધુ હિતાવહ રહેશે.

8. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની ફાઇનલ પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

9. ઓનલાઇન અરજી પત્રક તા. ૨૧/૧૧/૨૦૧૯ ના રોજ સવારે ૧૦.30 કલાકથી તા30/૧૧/૨૦૧૯ ના રોજ સાંજના ૧૮.00 કલાક સુધી ભરી શકાશે.

10. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી અને રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.

11. આ જાહેરાતનો હેતુ હાલ માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાનો છે. જેથી આ ફોર્મ ભર્યેથી નોકરી મળી જ જશે તેવુ માનવું નહી.

12. નિયત સમયમર્યાદામાં ગુણપત્રકો/પ્રમાણપત્રોની ચકાસણી અર્થે હાજર ન રહેનાર ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ કરવામાં આવશે. આ અંગે ઉમેદવાર કોઇપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહીં અને આ અંગે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહીં.

13. સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકની ભરતી સંબંધે તમામ સુચનાઓ/ વિગતો વખતો વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. જેથી ઉમેદવારોએ સતત વેબસાઈટ્ના સંપર્કમાં રહેવું.

14. જો ઉમેદવારો દ્વારા વેબસાઈટ પર મૂકવામાં આવેલ કોઈપણ સૂચનાઓનું પાલન નહીં કરવામાં આવે તે અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગેની કોઈપણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

15. આ અંગે કોઇપણ મુંઝવણ હોય તો નજીકની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરી શકશો.

16. ઉમેદવારે મેળવેલ લાયકાત સંબંધી પ્રયત્નો અંગેના તમામ દાખલા તેમજ આધારો ચકાસણી સમયે અવશ્ય રજુ કરવાના રહેશે.

17. ઉમેદવારે નિયત અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) નું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ભરતી પ્રક્રિયા દરમ્યાન રજુ કરવાનું રહેશે. જેમાં કોઇપણ સંજોગોમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

18. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ભરતી પસંદગી સમિતિ/ખાતા/સંબંધિત શાળા દ્વારા માંગવામાં આવે

Scanned by CamScanner

ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂંક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

19. કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજુ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.

20. જે ઉમેદવાર ઓનલાઈન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક અનુભવ અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઈ પણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઈપણ પ્રકારની અરજી/રજુઆત સ્વીકારવામાં આવશે નહીં.

21. સાચી માહિતી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. અને કોઈપણ સંજોગોના કારણે કોઈપણ સંજોગોમાં આપેલ માહિતી ખોટી, અધૂરી કે ભૂલભરેલી હશે તેના કારણે ઉમેદવારની પસંદગી ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. જો માહિતી ખોટી, અધૂરી, ભુલભરેલી હશે તો અરજી રદ થયેલી ગણાશે અને આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

22. અરજદારે પોતાનું ઈ-મેઈલ આઈ.ડી. અને મોબાઈલ નંબર ફરજીયાત આપવાના રહેશે. અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને એસ.એમ.એસ.થી કરવામાં આવશે અને આ બાબતે અરજદારે એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે.

23. અરજદારે જે ફોર્મ ભરેલ છે તેની પ્રિન્ટ લઈ, તેના દરેક પાના પર સહી કરવાની રહેશે. અને જ્યારે જરૂર પડે ત્યારે રજુ કરવાની રહેશે.

24. યુ.જી.સી માન્ય યુનિવાર્સીટી દ્વારા મેળવેલ ડીગ્રી જ ગ્રાહ્ય રાખવામાં આવશે. રાજ્ય બહારની યુનિવર્સીટીની ઓપન અને ડીસ્ટન્સ લર્નીંગ દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય ન હોઈ તેવી લાયકાત ગ્રાહ્ય રહેશે નહીં. વર્ષ-૨૦૧૨ બાદ ગુજરાત રાજયમાંથી મેળવેલ S.N.D.T.યુનિવર્સીટીની લાયકાત માન્ય ગણવાની રહેશે નહીં.

25. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી ની લાયકાત માન્ય ગણાશે.

26. જે ઉમેદવાર રાજ્ય બહારની યુનિર્વસીટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને નિમણુંક આપતા પહેલા અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણુંક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

27. આ ભરતી નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં એસ.એલ.પી.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ તથા અન્ય પડતર કોર્ટ દાવાઓના આખરી ચુકાદાને આધીન રહેશે.

Scanned by CamScanner

28. આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ પરની ઉમેદવારોની નિમણૂંક તા.૨૭/૦૧/૧૭ ની જાહેરાત અન્વયે જે તે જગ્યાઓ માટે ઉમેદવારોએ નિમણૂંક બાબતે નામદાર હાઈકોર્ટ માં દાખલ કરેલ કેસોના આખરી ચુકાદાને આધીન રહેશે.

29. આ સમગ્ર ભરતી પ્રક્રિયા શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૧૦૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/જી.૧ની જોગવાઈઓ તથા સરકારશ્રીના સંબંધિત સ્થાયી ઠરાવોને આધીન રહેશે અને આ બાબતે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

(ડી.પી.દેસાઈ)
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને નિયામક,
શાળાઓની કચેરી, ગુ.રા,ગાંધીનગર

Scanned by CamScanner

| અ.નં | યુનિવર્સિટીનું નામ | ટકા/ગુણમાં રૂપાંતર કરવાની ફોર્મ્યુલા |
|---|---|---|
| 1 | મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા | ટકા= C.G.P.A x 10 |
| 2 | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત | ટકા= $\frac{\text{C.G.P.A} \times 100}{6}$<br>ટકા= $\frac{\text{C.G.P.A} \times 100}{10}$ |
| 3 | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | ટકા= C.G.P.A x 10 |
| 4 | UKA TARSADIA UNIVERSITY, DIST. SURAT | ટકા = (C.G.P.A x 10) - 0.75 |
| 5 | ચરોતર યુનિવર્સિટી, ચાંગા તા.આણંદ | C.G.P.A. આપેલ છે ફોર્મ્યુલા ન હોઇ ઉમેદવાર પાસેથી ટકા/ગુણ મેળવવા |
| 6 | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | ટકા= C.G.P.A x 10 |
| 7 | કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર | C.G.P.A. ને બદલે C.P.I. છે.<br>ટકા= (C.P.I. - 0.5) x 10 |
| 8 | ગણપત યુનિવર્સિટી, જિ.મહેસાણા | ટકા= (C.G.P.A - 0.5) x 10 |
| 9 | હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણ | સેમિસ્ટર મુજબ મેળવેલ ગુણ કુલ ગુણ આપેલ છે. સરવાળો કરી ગુણ મૂકવા. ગ્રાન્ડ ટોટલ હોય ત્યાં તે મૂકવા |
| 10 | સી.યુ.શાહ યુનિવર્સિટી, સુરેન્દ્રનગર | ટકા= (C.G.P.A - 0.5) x 10 |
| 11 | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | કુલ ગુણ મેળવેલ ગુણ આપેલા છે. |
| 12 | શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ, ગીર સોમનાથ | કુલ ગુણ મેળવેલ ગુણ આપેલ છે. C.G.P.A. આપેલ છે.<br>ટકા= $\frac{\text{C.G.P.A} \times 100}{10}$ |
| 13 | મહારાજા કૃષ્ણકુમાર સિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર | કુલ ગુણ મેળવેલ ગુણ આપેલા છે. |
| 14 | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ | કુલ ગુણ મેળવેલ ગુણ આપેલા છે. |
| 15 | કચ્છ યુનિવર્સિટી, ગાંધીધામ | કુલ ગુણ મેળવેલ ગુણ આપેલા છે. |
| 16 | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | કુલ ગુણ મેળવેલ ગુણ આપેલા છે. |
| 17 | I.I.T.E Gandhinagar. | ટકા = (CGPA/10) x 100<br>Ex. CGPA is 8.71.<br>ટકા = $\left(\frac{8.71}{10}\right) 100 = 87.1\%$ |

Scanned by CamScanner

## રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓમાં ભરતી બાબત

❖ **ડોક્યુમેન્ટ વેરિફિકેશન વખતે ઉમેદવારોએ નીચે મુજબના ડોક્યુમેન્ટ્સ સાથે લાવવાના રહેશે.**

1) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
2) જાતિ અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
3) નોન-ક્રિમેલીયર સર્ટી (SEBC) (જો લાગુ પડતુ હોય તો)
4) શારીરિક અશક્તતા અંગેનું પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો)
5) માજી સૈનિકનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
6) EWS સર્ટિફીકિટ (જો લાગુ પડતુ હોય તો)
7) TAT માર્કશીટ
8) શૈક્ષણિક સ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર
9) શૈક્ષણિક સ્નાતકનું ટ્રાયલ સર્ટી
10) શૈક્ષણિક અનુસ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
11) શૈક્ષણિક અનુસ્નાતકનું ટ્રાયલ સર્ટીફીકિટ(જો લાગુ પડતુ હોય તો)
12) વ્યાવસાયિક સ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર
13) વ્યાવસાયિક સ્નાતકનું ટ્રાયલ સર્ટી
14) વ્યાવસાયિક અનુસ્નાતકની માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો)
15) વ્યાવસાયિક અનુસ્નાતક-સ્નાતકનુંટ્રાયલ સર્ટી (જો લાગુ પડતુ હોય તો)
16) N.C.T.E.ની માન્યતાનું પ્રમાણપત્ર (વ્યાવસાયિક સ્નાતક અને અનુસ્નાતકની લાયકાત માટે)
17) કમ્પ્યુટરની બેઝિક લાયકાત અન્વયે શિક્ષણ વિભાગના તા. ૧૩/૦૮/૦૮ અને તા.૧૮/03/૧૬ ના ઠરાવ મુજબના લાગુ પડતા આધારો

Scanned by CamScanner